# સે-૯માં જી-કક્ષાના નવા ૨૪ મકાનો બનશે

## ક અને ખ કક્ષાના બંગલા તૈયાર : સર્વન્ટ કવાટર અને બગીચાની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર, તા.૧૫

સે-૯માંજી-ટાઈપના નવા ૨૪ ફલેટ બાંધવાનું આયોજન કરી દેવાયું છે. બગીચા તેમજ સર્વન્ટ કવાર્ટરની સુવિધા સાથેના આ મકાનો બાંધવા પાછળ રૂ. ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

સે-૯માં છેલ્લા ૧ વર્ષથી વિવિધ કક્ષાના બંગલા બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અફસરો માટે 'ક' કક્ષાના ૧૨ અને 'ખ'કક્ષાનો ૧ બંગલો તૈયાર કરી દેવાયો છે. ૧૪ બંગલાના નિર્માણ માટે રૂ. ૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે જયારે બંગલાનું કામ પૂર્ણ થતા હાલ ગાર્ડન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત જી ટાઈપના પણ ૧૨ એપાર્ટમેન્ટ મોટા ભાગે તૈયાર થઈ ગયા છે. સર્વન્ટ કવાર્ટર સાથેના આ એપાર્ટમેન્ટ બોર્ડ-નિગમના ચેરમેન ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ માટે બનાવાયા છે. આગામી એક મહિનામાં આ કામગીરી સંપૂર્ણ પૂર્ણ થઈ જશે. જયારે હજુ પણ સેકટરમાં જી ટાઈપના નવા ૨૪ ફલેટ બાંધવા નિર્ણય લેવાયો છે. અફસરોના બંગલાની આમ પણ ઘટ હોવાથી નવા મકાનો બાંધવા આયોજન આખરી કરી દેવાયું છે. ત્રણ મજલાના આવાસો તૈયાર કરવા રૂ. ૧૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ કામગીરીનો અનુલક્ષીને વહીવટી મંજુરી પણ આપી દેવાઈ છે. જેને અનુલક્ષી આગામી એક મહીનામાં કામ શરુ કરી દેવાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

# પાલનપુરના ફોટોગ્રાફરે અભિનેતા સ્વ. પ્રાણ સાથે ફોટોગ્રાફી કરેલી

પાલનપુર, તા. ૧૫

તાજેતરમાં આ ફિલ્મી દુનિયાને અલવિદા કરનાર બોલીવુડના મશહૂર અભિનેતા પ્રાણ સાહેબનો એક સમયે નાતો પાલનપુરના ફોટો ગ્રાફર સાથે જોડાયો હતો.

તત્કાલિન ફોટોગ્રાફર સ્વ. એ.એલ. સૈયદના પુત્ર અઝમત સૈયદે જણાવ્યું હતું કે જે તે સમયે બ્લેક એન્ડ વ્હાઈટના જમાનામાં સુલતાન પ્રોડકશનની ફિલ્મ 'ગંગા કી સોગંદ' ફિલ્મમાં પ્રાણ સાહેબ પર ફિલ્મનું ચિત્રાંકન કરાયું હતું. ૧૯૭૫માં તેમના પિતાને 'મોગલે આઝમ'ના ડાયરેક્ટર કે આસિફના સહાયક સુલતાન અહેમદે એ એલ સૈયદને કહેલ કે અત્યારે હુ મારી ફિલ્મ બનાવી ત્યારે તેની ફોટોગ્રાફી તમે કરજો તે સમયે શુટીંગ માટે ૨૦ દિવસ જયપુર ખાતે જવાનું થયેલ ત્યારે અઝમતભાઈ પણ નાનપણમાં પિતા સાથે ગયેલા તેમાં અમિતાભ બચ્ચન, રેખા, પ્રાણ સાહેબ અને અમઝદખાન હતા. તેમને મે પુછેલ કે સાબ આપ વિલન મે, કોમેડી મે, ઔર, હિરો કા રોલ કૈસે અલગ અલગ કર લે તે હો? તબ ઉન્હોને બોલા દેખો જો કોઈ



(તસવીર : હરેશ જી. જોષી)

ભી કામ કરો ઉસમે અંદર ડુબ જાના પડતા હૈ. આમ લોકપ્રિય કલાકાર પ્રાણ સાહેબ સાથે 'પાલનપુર' સ્ટેટ હાલના પાલનપુરનો સંબંધ હતો. તે ગૌરવની વાત છે.

# ગુજરાતના ૪૩ તાલુકાઓમાં વરસાદ : બોરસદમાં ૩ ઈંચ

## ચાલુ વર્ષે ગુજરાતભરમાં ૫૦.૫૦ ટકા વરસાદ વરસ્યો સાવલીમાં ૬૧ મીમી, સિદ્ધપુરમાં ૫૯ મીમી વરસાદ

અમદાવાદ, તા.૧૫

છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજ્યના ૪૩ તાલુકાઓમાં નોંધનીય વરસાદ પડ્યો છે. જેમાં આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ૭૫ મીમી એટલે કે ૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૫-૭-૧૩ને સવારે ૭:૦૦ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમ્યાન સાવલીમાં ૬૧ મીમી, સિદ્ધપુરમાં ૫૯ મીમી, ભાભરમાં ૬૦ મીમી, ખંભાતમાં ૫૫ મીમી, ઘોઘંબામાં ૫૫ મીમી અને કાલોલમાં ૫૮ મીમી મળી કુલ છ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાધનપુર, ઉંઝા, નડીયાદ, આણંદ, છોટાઉદેપુર, જેતપુરપાવી, સંખેડા, વડોદરા, વાઘોડિયા અને હાલોલ મળી કુલ ૧૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૧૪ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ મોસમનો રાજ્યનો સરેરાશ વરસાદ ૫૦.૫૦ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ રિજીયનમાં ૪૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૧ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૮ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી છે કે રાજયના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરાનગર-હવેલીમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શકયતા છે. આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૭ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૭૩ ટકા નોંધાયું હતું.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## ડીસાના દુકાનદારો દ્વારા નાયબ કલેક્ટરને રજૂઆત કરાઈ

ડીસા શહેરમાં ત્રીજા રાઉન્ડના ધોધમાર વરસાદથી શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાની તેમજ તે અંગે કોઈ નિકાલની વ્યવસ્થા પાલિકા દ્વારા ન કરાયાની બૂમરાડ ઉઠવા પામી છે જે અનુસંધાને દર વર્ષની માફક આ વર્ષે પણ ભણશાલી હોસ્પિટલ માર્ગ પર આવેલ દુકાનોની સામે વરસાદી પાણીના ભરાવાથી વાહન ચાલકો સહિત દુકાનદારો ભારે હાલાકી વેઠી રહ્યા છે. આ અંગે પાલિકાના ચીફ ઓફિસરને અવાર નવાર રજૂઆતો કરવા છતાં તેમજ તાજેતરમાં પણ રજૂઆતો કરવા છતાં હજૂ સુધી કોઈ વરસાદી પાણીનો નિકાલ ન કરાતા દુકાનદારોમાં રોષ પ્રવર્તતો જોવા મળી રહ્યો છે. વરસાદી પાણીના ભરાવાથી કાદવ કિચડ અને ગંદકીનું પ્રમાણ વધતાં આ સમસ્યાને કાયમી ધોરણે દૂર કરવા ગતરોજ તમામ વેપારીઓ એક થઈ પાલિકા સામે રોષ ઠાલવી રજૂઆત નાયબ કલેક્ટરને લેખિતમાં અરજી કરી હતી. જેમાં વરસાદી પાણીના ભરાવાથી મચ્છરનો ઉપદ્રવ તેમજ તેના છાંટા ઉડવાથી દુકાનોમાં પડેલા માલસામાનને નુકશાન થઈ રહ્યું છે જેથી વેપારીઓ કંટાળીને હવે હાથા જોડી કરવાનું છોડી ન્યાય સામે હક્ક માટે આગામી ૧૭ મી તારીખથી જલદ કાર્યક્રમો અને દેખાવો કરવાની ચિમકી ઉચ્ચારી છે. વધુમાં વેપારીઓ દ્વારા રજૂઆતમાં જણાવ્યું છે કે જો આ સમસ્યાનો કાયમી ધોરણે નિકાલ નહી કરાય તો પાલિકાના તમામ વેરા પાંચ વર્ષ સુધી ભરપાઈ ન કરવાની પણ ચીમકી ઉચ્ચારાઈ છે.

# પ્રદુષિત પાણીથી નર્સીંગના ૨૪ વિદ્યાર્થીને અસર થતા ચકચાર

અમદાવાદ, તા.૧૫

પ્રદુષિત પીવાનું પાણી પીવાને કારણે એલ.જી. મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતાં નર્સીંગના ૨૪ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલ્ટી થતાં તમામને સારવાર માટે એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દાખલ કરાયેલા ૨૪માં ૨૧ વિદ્યાર્થીનીઓ અને ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ બનાવથી મ્યુનિ. સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એલ.જી. મેડીકલ કોલેજમાં નર્સીંગનો અભ્યાસ કરતી ૫૦થી વધુ વિદ્યાર્થીનીઓ ડોટરહોમ નામના ખાનગી ફ્લેટમાં રહે છે અને તે બિલ્ડીંગમાં આવેલી મેસમાં જમે છે. આ મેસમાં સાત વિદ્યાર્થીઓ પણ જમે છે. આ મેસમાં પ્રદુષિત પાણી આવતું હોવાથી તે પીવાથી ૨૧ વિદ્યાર્થીનીઓ અને ૩ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલ્ટી થયા છે. તા. ૧૪મીને બપોરથી આજે સવાર સુધીમાં આ તમામ વિદ્યાર્થીઓને સારવાર માટે એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ બનતા મ્યુનિસિપલ સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે. એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરાયેલા ૨૪ વિદ્યાર્થીઓમાંથી ૩ આઈસીયુમાં, ૮ સ્પેશ્યલ રૂમમાં અને બાકીના વોર્ડમાં સારવાર લઈ રહ્યા છે. મ્યુનિ. વિપક્ષ નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે આ બનાવમાં જવાબદાર સામે કોર્પોરેશને કડક પગલાં લેવા જોઈએ અને ફરીથી આવો બનાવ ના બને તે બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. દરમિયાનમાં આરોગ્ય વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ અમદાવાદમાં જુલાઈ માસમાં આજ સુધીમાં ઝાડા-ઉલ્ટીના ૩૬૦ કેસ, કમળાના ૧૨૦ કેસ, ટાઈફોઈડના ૩૦ કેસ, મેલેરીયાના ૧૭૪ કે, ફાલ્સીપારમના ૨૫ કેસ, ડેન્ગ્યુના ૧૧ અને ચીકનગુનીયાના ૪ કેસ નોંધાયા છે. શહેરમાં ૭ લાખ મકાનોમાં મેલેરીયાનો સર્વે કરવામાં આવ્યો છે.

# થરાદના પીલુડા ગામે માતાએ બે બાળકો સહીત કુવામાં ઝંપલાવતા ત્રણના કરૂણ મોત

ડીસા, તા. ૧૫

થરાદ તાલુકાના પીલુડા ગામે બનેલી એક કરુણાંતિકામાં એક માતાએ પોતાના બે બાળકો સાથે કોઈ અગમ્ય કારણોસર આઘાત લાગતા કુવામાં મોત માટે ઝંપલાવ્યું હતું. જેમાં માતા સહીત બે માસુમોના મોત થયા છે. આ મામલે થરાદ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ઘટનાની વિગતો જોઈએ તો બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના પીલુડા ગામે રહેતા ઠાકોર પબાભાઈ વનાભાઈ ગામમાં ધાર્મિક પ્રસંગે હોઈ બહાર ગયા હતા. ત્યારે તેમની પત્ની ઈન્દુબેને કોઈ અગમ્ય કારણોસર આઘાત લાગતા તેમના પાંચ વર્ષના પુત્ર રાજ અને બે વર્ષની પુત્રી રાજેશ્વરીને સાથે લઈ નજીકના કુવામાં મોતની છલાંગ લગાવી હતી. આ કરુણાંતિકામાં માતા ઈન્દુબેન અને તેમના બન્ને માસુમ બાળકો કરુણતાએ મોતને ભેટેલ છે. આ ઘટનાની જાણ થતા થરાદ પી.એસ.આઈ. કે.પી. ગામેતી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેમને મૃતકોની લાશને કુવામાંથી બહાર કઢાવી થરાદ રેફરલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે ખસેડી હતી અને આ મામલે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. જ્યારે એક સાથે નાનકડા ગામમાં માતા સહીત તેના બે બાળકોના મોત થતા સમગ્ર પંથકમાં આ ઘટનાથી આઘાત છવાયો છે.

# કારછા નજીકથી ૨૪ લાખના વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પાસે આવેલ કારછા નજીકથી રવિવારે રાત્રીના સમયે વિઝીલન્સ સ્કોર્ડ અને શામળાજી પોલીસે ૨૪ લાખનો વિદેશી દારૂ ભરેલ ટ્રક સાથે બે ને પકડી પાડીને તેમના વિરૂદ્ધ શામળાજી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગેની વિગત આપતા શામળાજી પોલીસમથકના પીએસઆઈ એમ.ડી. ચંદરવાડિયાએ જણાવેલ કે બાતમી આધારે વિજીલન્સ સ્કોર્ડને શામળાજી પોલીસ સાથે શામળાજી ચેક પોસ્ટ પાસેના કારછા નજીક વોચ કરી રહ્યા હતા. દરમિયાન બાતમીવાળી ટ્રક રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશી હતી. જેમાં ચેક કરતા વિદેશી દારૂની ૬૦૯ પેટી વિદેશી દારૂની પ્લાસ્ટિકના દાણાની કોથળીઓ નીચે સંતાડેલો હતો. જે રૂ. ૨૪ લાખ ૯૫ હજાર ૨૦૦નો ઝડપી પાડ્યો હતો. જેથી પોલીસે હરિયાણાના જજુમર તાલુકાના જાનેડી ગામના રામકુમાર મુનશીરામ શર્મા અને રાજવીર સુરજસિંગ જાટને પકડી પાડી ટ્રક ૨૪૬ પ્લાસ્ટિકના દાણાની થેલીઓ અને ૧૦ લાખનો ટ્રક મળી કુલ રૂ. ૩૮ લાખ ૯૨ હજાર ૮૦૦નો મુદ્દામાલ સાથે પકડાયેલ બે વિરૂદ્ધ શામળાજી પોલીસમથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી અને બંને આરોપીઓને વધુ તપાસ માટે વિજીલન્સ સ્કોર્ડ લઈ ગઈ હતી.

## શબ્દાવલી - ૫૧૨૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | ■ | ■ | ૯ | |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | | ■ |
| | ■ | ૧૫ | ૧૬ | | ■ | ■ | ૧૭ |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | |
| | ■ | ૨૧ | | | | | |

### આડી ચાવી

૧. ધમકી, દાટી મારવી (૪)
૪. કવચિત, નક્કીના હોય તેવું (૩)
૬. ડમરૂં ... વાગે (૪)
૭. હરોળ, પંક્તિ, લાઈન (૩)
૯. કાપડના ... હોય (જથ્થો) (૨)
૧૦. કૂવાવાળા ખેતર (૨)
૧૧. મોઢેથી કરાતો એક પ્રકારનો અવાજ (૪)
૧૩. પ્રસંગ, માંગલિક અવસર (૨)
૧૪. સંગત, દોસ્તી (૩)
૧૫. પરીક્ષા (૩)
૧૮. આજકાલ... વાળી ફિલ્મો લોક પસંદ કરે છે (૪)
૧૯. ફુલ-પુષ્પ (૩)
૨૧. ખેલ-કૂદ (૬)

### ઊભી ચાવી

૧. દસ વર્ષનો સમયગાળો (૩)
૨. દાડમનું વૃક્ષ (૪)
૩. ટૂલ્લર, રમતમાં વ્યક્તિઓના પડાતા જૂથ-વિભાગ (૨)
૪. ઓછું (૨)
૫. ચુરણ જેવું ચટપટું ખાઈને સ્વાદ દર્શાવવા કરાતો અવાજ (૪)
૮. બકવાટ (૩)
૯. શક્તિ, જોર (૩)
૧૧. સીટી, મોઢેથી કરાતો અવાજ (૩)
૧૨. બધુ, મીઠાને ... રસ કહેવાય (૨)
૧૩. યાત્રિક, રાહી (૪)
૧૫. 'ધારક' શબ્દ આડોઅવળો (૩)
૧૬. સુગંધ, સુવાસ (૩)
૧૭. મહેમાન આવે તો... કરવું જોઈએ (૩)
૧૯. ચરણ, ટાંટીયા (૨)
૨૦. ... રાજયના અત્યારે પણ વખાણ થાય છે. (૨)

### શબ્દાવલી ૫૧૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અનુભવ (૩) પૂર (૫) ખળભળાટ (૭) ગાપચી (૯) નવાજવું (૧૨) સુગાળવું (૧૪) આખરી (૧૫) પડખું (૧૭) વેરવિખેર (૧૮) યજમાન

**ઊભી ચાવી :-** (૧) અલગારી (૨) વખ (૩) પૂળા (૪) ૨ટણ (૬) ભરવું (૮) ચીનગારી (૧૦) વાળ (૧૧) જવું (૧૨) સુખ (૧૩) પડખે (૧૪) આશય (૧૫) પવિત્ર (૧૬) ખુરશી (૧૭) વેન

# બ્રહ્મ બંધુઓએ અંબાજીમાં જઈ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પી



ગાંધીનગર, તા.૧૫

ઉત્તરાખંડ કેદારનાથના દિવંગતોની શાંતિ માટે અંબાજી ખાતે ન્યુ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાંજલિ પ્રાર્થના સભા યોજાઈ હતી.

ન્યુ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ સરસપુર, અમદાવાદ દ્વારા ઉત્તરાખંડ-કેદારનાથમાં થયેલ હોનારતમાં ભોગ બનેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા બ્રહ્મસમાજના અસંખ્ય પરિવારો સંસ્થાના પ્રમુખ દીપકભાઈ વ્યાસની આગેવાની હેઠળ અમદાવાદથી અંબાજી યાત્રાએ ગયા હતા. ૩૧ લકઝરી બસો અને અન્ય વાહનો દ્વારા જનાર બ્રહ્મબંધુઓને ગુજરાતી ફિલ્મોના કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદીએ પ્રસ્થાન કરાવ્યું હતું. બ્રહ્મ સમાજે અંબાજી ધામમાં ભજન-કીર્તન અને પ્રાર્થના સભા યોજી બે મિનિટનું મૌન પાળી દીવંગતોને શ્રદ્ધાંજલિ આપી હતી. બચી ગયેલા શ્રદ્ધાળુઓ હેમખેમ પાછા એમના ઘરે પહોંચે એવી અંબાજી માતાને પ્રાર્થનાકરી હતી. સમગ્ર યાત્રાનું આયોજન દિપક વ્યાસ, બિપીન પંડયા, પ્રફુલ્લ વ્યાસ અને જગદીશ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં સારો વરસાદ થવા છતાં હજુ જળાશયોમાં માત્ર ૪૯.૧૪ ટકા જ પાણીનો સંગ્રહ

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં સરેરાશ વરસાદ સાથે અત્યાર સુધીમાં અંદાજે ૫૦ ટકા જેટલો વરસાદ થવાપામ્યો છે અને રાજ્યના જળાશયોમાં નવા પાણીની આવક થઈ હોવા છતાં પણ હજુ રાજ્યના મુખ્ય જળાશયોમાં માત્ર ૪૯ ટકા જેટલો જ પાણીનો સંગ્રહ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા સાબરકાંઠા જિલ્લાના હાથમતીમાં સુરેન્દ્રનગર જિલ્લાના બ્રાહ્મણી અને જામનગરના ઉંડ-૧માં તો હજુ માત્ર બે થી ૪ ટકા જેટલું પાણી સંગ્રાહેલું છે.

રાજ્યના કડાણામાં ૭૫.૩૫ ટકા જળસંગ્રહ છે. પાનમ ડેમમાં ૭૭.૯૫ ટકા અને ઉકાઈ જળાશયમાં ૫૩.૬૩ ટકા જળસંગ્રહ છે. આ મુખ્ય જળાશયોમાં ગત વર્ષ કરતાં આ વર્ષે પાણીનો સંગ્રહ વધુ થવા પામ્યો છે.

# દહેગામમાં આવેલ આશીર્વાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલ ખાતે કલર ડોપ્લર અને ડિજીટલ એક્સ-રે મશીનનું લોકાર્પણ

દહેગામ, તા. ૧૫

દહેગામ ખાતે આવેલ વિઠ્ઠલભાઈ ફાઈન્ડેશન સંચાલીત આશીર્વાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલ ખાતે ગુજરાત રાજયના નાણા અને આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલના હસ્તે કલર ડોપ્લર અને ડિઝીટલ એક્સ-રે મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ શુભ પ્રસંગે દહેગામ તાલુકાના ભુતપૂર્વ ધારાસભ્ય અને દહેગામ તાલુકા પ્રોસીસીંગ સહકારી મંડળીના ચૈરમેન કલ્યાણસિંહ ચૌહાણે રૂપિયા ૨૫,૦૦૦નું દાન દ.તા. પ્રો. મંડળીમાંથી આપેલ હતું.

આ શુભ પ્રસંગે દહેગામ ધારાસભ્ય શ્રીમતી કામીનીબા રાઠોડ, હોસ્પિટલના મેને. ટ્રસ્ટી એડવોકેટ ગોપીનાથ અમીન, ચોક્સી સાહેબ, ડૉ. વિકાસ અમીન, દહેગામ ન.પા. પ્રમુખ ભરતભાઈ લીલાભાઈ રબારી, દહેગામના પૂર્વ ધારાસભ્ય, કલ્યાણસિંહ ડી. ચૌહાણ, નગરપાલીકાના વિરોધ પક્ષના નેતા કમલેશભાઈ અમીન (બકાલાલ) ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેષભાઈ શાહ, આશીર્વાદ હોસ્પિટલના મંત્રી હરિભાઈ અમીન (વાઘ-બકરી ચા) દહેગામ શહેર પ્રમુખ બિમલભાઈ અમીન, દહેગામ તાલુકા પ્રમુખ ચંદ્રેશ પટેલ મહામંત્રી મનિષ શાહ, નાગજીભાઈ રબારી, ટ્રસ્ટી અંબાલાલભાઈ પટેલ (પંચવટી ગેસ), કૌશીકભાઈ શાહ, રમેશભાઈ ઠક્કર, પ્રો. હર્ષદભાઈ જોષી તથા આશીર્વાદ હોસ્પિટલના ઓ.એસ. પંકજ પટેલ, દહેગામ તાલુકા પંચાયત પ્રમુખ રમણજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય ગુણવંતસિંહ ચાવડા(દોલભા), તથા તાલુકા અને શહેરના ભાજપના કાર્યકર્તાઓ આ શુભ પ્રસંગે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન હર્ષદભાઈ જોષીએ કર્યુ હતુ.



આશીર્વાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલમાં આંખો, કાન, નાક, ગળા, ચામડી તથા ગાયનેક વિભાગ તથા અદ્યતન લેબોરેટરી, ફીજીયોથેરાપી સેન્ટર તથા દર્દીઓ માટે મફત ભોજનની સુંદર વ્યવસ્થા દહેગામ શહેર અને તાલુકાના તમામ નાગરીકો સસ્તી અને અદ્યતન સગવડો આ હોસ્પિટલ દ્વારા પુરી પાડવામાં આવે છે.

નાણા અને આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ આ હોસ્પિટલને સરકારી ગ્રાન્ટ વધારવા તથા નિષ્ણાંત ડોક્ટરો અને નર્સો આપવા માટેની ખાત્રી આપી હતી.

(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

## વચ્ચો-વચ્ચ... ● છેલ્લા પાનાનું ચાલુ

પોતાની જમીનનો હિસ્સો એટલો કે ૩૩ ટકા જેટલી રકમ હજુ સુધી મળી નથી. અને સરકારી નોકરી જે તે સમયે મળી હતી પરંતુ પરિવહનની સગવડના અભાવે તેમજ ગાંધીનગરથી સાબરમતી સુધી જવુ પડતુ હતુ. આથી છોડી દીધી હતી. આ કારમી મોંઘવારીમાં ખેતી પણ મોંઘી થતી જાય છે. પરંતુ પોતાની જમીન સચવાય તેવા આશયથી અને જ્યા સુધી સરકાર તેના ઉપર કોઈપણ પ્રકારનું સ્ટ્રક્ચર ઉભુ ન કરે ત્યાં સુધી ઉપયોગ કરવા માંગે છે અને પછી પોતાનો હક છોડી દેશે. આવુજ સેક્ટર-૧૦માં આવેલ વિવિધ નિગમોની ઓફિસની સામેની બાજુએ આવેલી ૨૫ થી ૩૦ વિઘા જેટલી જમીનમાં પણ ઈન્દ્રોડા ગામના જ ધુળાજી સોમાજી ઠાકોર, થોતાજી બબાજી ઠાકોર, મેલાજી મંગાજી, શકરાજી અવજીજી ઠાકોર, ભલાજી મીલાજી ઠાકોર દ્વારા ચોમાસુ ખેતી થાય છે. પોતાની બાપ-દાદાની જમીન સરકાર દ્વારા લઈ લેવાઈ અને આજદિન સુધી વળતરના નામે કાંઈપણ ચુકવવામાં આવ્યું નથી. આજે ગાંધીનગર શહેરમાં એક મકાન બનાવવા માટેનો પ્લોટ પણ એક કરોડ રૂપિયા કરતા વધુ કિંમતનો થવા જાય છે અને આ અસરગ્રસ્ત ખેડૂતોને આજદિન સુધી પુરતી રકમ સરકારી તંત્ર દ્વારા ચુકલવામાં આવી નથી. અને ખેડૂતની સ્થિતિ જમીન જતી રહેતા વધુ બદતર જોવા મળે છે. અને પોતાનું પેટીયુ રળવા માટે પોતાની જ જમીન ઉપર ચાની લારી લઈ ઉભા રહેવાની ફરજ પડી રહી છે. કારમી મોંઘવારીમાં ચાની લારીથી ઘર ચાલતુ નથી, પરંતુ તેમ છતાં પણ અસરગ્રસ્ત ખેડૂતો આજ જમીન ઉપર પોતાનું પેટ માટે વેઠ કરવા મજબુર થઈ રહ્યા છે.

## કોમ્પ્યુટર્સ તૂટ્યાં... ● છેલ્લા પાનાનું ચાલુ

આર.ટી.ઓ. કચેરીમાં શનિ-રવિની રજાના દિવસોમાં કઈ જાણ ભેદુ તત્વો કોમ્પ્યુટરની તોડફોડ કરી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આર.ટી.ઓ. કચેરીમાં બે દિવસની રજા હતી તે દરમિયાન કોઈ અસામાજિક તત્વો ત્રણ જેટલા મોનિટર્સ તોડી નાંખતા આજે આર.ટી.ઓ. કચેરીના કર્મચારીઓ પણ અચંબામાં મુકાઈ ગયા હતા. ઓફીસમાં જે કોમ્પ્યુટરના આધારે લાયસન્સ તેમજ રજીસ્ટ્રેશન સહિતની મુખ્ય કામગીરી થતી હતી તે કોમ્પ્યુટરના મોનિટર તત્વોએ તોડી નાંખ્યા હતા. આજે સવારે આર.ટી.ઓ. કચેરી રજાના અંતે કાર્યરત થતા આ હકીકત સામે આવી હતી. મોનિટરની સાથે તેના કેબલો પણ તોડી નાંખ્યા છે જેના પરીણામે કામગીરીમાં પણ વિક્ષેપ ઉભો થયો હતો. રજાના દિવસોમાં કચેરી બંધ હોય ત્યારે આ પ્રકારનો બનાવ કઈ રીતે બન્યો તે સઘળી બાબત તપાસનો વિષય હોવાથી જવાબદાર અધિકારીઓએ આ મામલે પોલીસને પણ જાણ કરી હતી.

## ટૂંકમાં પ્રેઝન્ટેશન... ● છેલ્લા પાનાનું ચાલુ

નિર્માણકાર્ય માટે ડીઝાઈન આખરી થઈ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર પંચામૃત ભવનના નિર્માણ માટે નિષ્ણાંત આર્કીટેક્ટ પેનલ દ્વારા જુદી જુદી ડીઝાઈન તૈયાર કરી દેવાઈ છે. જ્યારે આગામી દિવસોમાં ઉચ્ચકક્ષાએ વિવિધ ડીઝાઈન સંદર્ભે પ્રેઝન્ટેશન કરવામાં આવશે. ત્યારબાદ ભવનની ડીઝાઈન આખરી કરાયા બાદ ટેન્ડરપ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરવામાં આવશે. અલબત્ત ટુંક સમયમાં પંચામૃતભવનના નિર્માણનું કામ હાથ ધરાય તેવી સંભાવના છે. બીજીતરફ સ્વર્ણિમપાર્કની ફેઝરની કામગીરી પણ વહીવટી મંજુરીના અભાવે અટવાઈ છે.